પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૩૧ | ૧૧ એપ્રિલ, ૨૦૨૩, મંગળવાર; ચૈત્ર વદ - ૦૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# હવે NCP-TMC રાષ્ટ્રીય પક્ષ નહિ

**ચૂંટણી પંચે મોડી સાંજે શરદ પવારની એનસીપી અને મમતા બેનરજીની ટીએમસીની રાષ્ટ્રીય પક્ષનો દરજ્જો પાછો ખેંચાતા લોકસભા પહેલા ભારે ઝટકો આપ્યો : અરવિંદ કેજરીવાલની આમ આદમી પાર્ટીને રાષ્ટ્રીય પક્ષ તરીકે માન્યતા આપતા ભારે રાજકીય ખળભળાટ સર્જાયો**



નવી દિલ્હી, તા.૧૦

લોકસભાની ચૂંટણીના આડે એક વર્ષ અને કર્ણાટક વિધાનસભાની ચૂંટણીને આડે એક મહિનો બાકી રહ્યો છે ત્યારે ચૂંટણી પંચે એનસીપી અને ટીએમસીને ઝટકો આપ્યો છે. લોકસભાની ચૂંટણીમાં હવે આ બંને રાજકીય પક્ષો રાષ્ટ્રીય પક્ષનો દરજ્જો નહિ ધરાવે તેઓની માત્ર પ્રાદેશિક પક્ષ તરીકેની માન્યતા યથાવત રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા દાયકાથી વિરોધપક્ષને સંકલિત કરવાનો પ્રયાસ કરાનાર ભારતીય રાજનીતિના કદાવર નેતા શરદ પવાર અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીને ભારે આંચકો આપ્યો હતો. સાથોસાથ દિલ્હી અને પંજાબમાં સત્તાના સૂત્રો સંભાળવામાં સફળ બનેલ અરવિંદ કેજરીવાલના પક્ષ આમ આદમી પાર્ટીને રાષ્ટ્રીય પક્ષનો દરજ્જો પ્રાપ્ત થતા તેમને નૈતિક જુસ્સો મળ્યો હતો.

ચૂંટણી પંચે ત્રણ રાષ્ટ્રીય પાર્ટીઓ અને બે સ્થાનિક પાર્ટીઓ પાસેથી દરજ્જો પાછો ખેંચ્યો છે. જ્યારે એક પાર્ટીને રાષ્ટ્રીય પાર્ટીનો દરજ્જો આપ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

## અકોલામાં પવન સાથે વરસાદ પડતાં જૂનું ઝાડ પડતાં ૭નાં મોત

**શેડમાં ફસાયેલા લોકોને બચાવવા માટે બચાવકાર્ય શરુ કરવામાં આવ્યું હતું : અકોલાના કલેક્ટર નીમા અરોરાએ જણાવ્યું કે, જે સમયે આ દુર્ઘટના સર્જાઈ ત્યારે ટીમ શેડ નીચે લગભગ ૪૦થી વધુ લોકો એકત્ર થયા હતા**

અકોલા, તા.૧૦

મહારાષ્ટ્રના અકોલામાંથી એક દુ:ખદ સમાચાર સામે આવ્યા છે. અહીં રવિવારની મોડી સાંજે એક ભીષણ દુર્ઘટના સર્જાઈ હતી. અહીં પારસ ગામમાં વરસાદ બાદ એક ટીન શેડ પર લીમડાનું જૂનું ઝાડ પડી ગયુ હતુ. આ દુર્ઘટનામાં સાત લોકોનાં મોત નીપજ્યા છે અને ૪૦ લોકો ઘાયલ થયા છે. અહીં એક ધાર્મિક સમારોહ યોજાયો હતો અને લોકો મંદિર પાસે એકત્ર થયા હતા. સત્તાવાર જાણકારી મુજબ, રવિવારની મોડી સાંજે અકોલામાં વાતાવરણમાં પલટો આવ્યો હતો. ભારે પવન સાથે અહીં વરસાદ પડ્યો હતો. જેના કારણે એક જૂનું અને વિશાળ ઝાડ મંદિર પરિસરમાં બનાવવામાં આવેલા એક શેડ પર પડ્યું હતું. જૂનું ઝાડ પડતા અનેક લોકો આ શેડ નીચે ફસાઈ ગયા હતા. આ દુર્ઘટનામાં સાત લોકોનાં મોત થયા હતા. બનાવની જાણ થતા બચાવકાર્ય શરુ કરવામાં આવ્યું હતું. આ ઘટના બાલાપુરમાં આવેલાં પારસ ગામમાં બની હતી. આ દુર્ઘટનામાં ઓછામાં ઓછા ૪૦ લોકો ઘાયલ થયા છે. અકોલાના કલેક્ટર નીમા અરોરાએ જણાવ્યું કે, એક ધાર્મિક સમારોહ દરમિયાન લોકો મંદિર પાસે



● અનુસંધાન પાન-૭ પર

## દેશમાં ચોમાસુ આ વખતે સામાન્ય રહેવાની આગાહી

**મુખ્ય હવામાન એજન્સીએ ૨૦૨૩ માટે મોનસૂનનું પૂર્વાનુમાન જાહેર કર્યું : અલ નીનો સહિત ઘણા કારણો મોનસૂનને પ્રભાવિત કરી શકે છે : અલ નીનોની વાપસી એક નબળા મોનસૂનની ભવિષ્યવાણી કરી શકે છે**

નવી દિલ્હી, તા.૧૦

એક મુખ્ય હવામાન એજન્સીએ ૨૦૨૩ માટે મોનસૂનનું પૂર્વાનુમાન જાહેર કરી દીધું છે. આ મોનસૂન પૂર્વાનુમાન અનુસાર જૂનથી સપ્ટેમ્બર સુધી ૪ મહિનાનો સરેરાશ વરસાદ ૮૬૮.૮ મિ.મી.ની તુલનાએ ૮૧૬.૫ મિ.મી. એટલે કે ૯૪%( /-૫ ટકા) રહેવાની શક્યતા છે. અગાઉ જાન્યુઆરીમાં પણ પૂર્વાનુમાન જાહેર કરાયું હતું જેમાં જણાવાયું હતું કે ૨૦૨૩માં મોનસૂન સરેરાશથી ઓછો રહેવાની આશંકા વ્યક્ત કરાઈ હતી જેને હવે યથાવત્ રખાઈ છે.

હવામાન એજન્સી સ્કાયમેટના એમડી જતીન સિંહે કહ્યું કે ટ્રિપલ-ડિપ-લા નીનાને કારણે દક્ષિણ-પશ્ચિમ મોનસૂને છેલ્લી ૪ સિઝનમાં સામાન્ય કે સામાન્યથી વધુ વરસાદ નોંધ્યો નહોતો. હવે લા નીનાની અસર સમાપ્ત થઈ ગઈ છે. અલ નીનોની શક્યતા વધી રહી છે અને મોનસૂન દરમિયાન તેની એક મુખ્ય કેટેગરી બનવાની શક્યતા પણ વધી રહી છે. અલ નીનોની વાપસી એક નબળા મોનસૂનની ભવિષ્યવાણી કરી શકે છે.

અલ નીનો ઉપરાંત અન્ય ઘણા કારણો છે જે મોનસૂનને પ્રભાવિત કરી શકે છે. ઈન્ડિયન ઓશન ડિપોલ (આઈઓડી)માં મોનસૂનને નિયંત્રિત કરવા અને પર્યાપ્ત રીતે મજબૂત થવા પર અલ નીનોની આડઅસરને નકારવાની ક્ષમતા છે. આઈઓડી હવે તટસ્થ છે અને મોનસૂનની શરૂઆતમાં


● અનુસંધાન પાન-૭ પર

## કોઈ અમારી જમીન ઉપર કબજો જમાવી શકે નહીં : અમિત શાહ

**બે દિવસના પ્રવાસે પહોંચેલા અમિત શાહે અરુણાચલ પ્રદેશના કિબિથુ વિસ્તારમાં વાઈબ્રન્ટ વિલેજ પ્રોગ્રામની શરૂઆત કરી**

કિબિથુ, તા.૧૦

ગૃહમંત્રી અમિત શાહે સોમવારે અરુણાચલ પ્રદેશની ધરતીથી વિરોધીઓને જડબાતોડ જવાબ આપ્યો. અમિત શાહે કહ્યું કે ભારતની સરહદો સંપૂર્ણ રીતે સુરક્ષિત છે અને કોઈ પણ આપણી જમીન પર કબજો જમાવી શકશે નહીં. ભારત-ચીન સરહદ નજીક આવેલી કિબિતુ ગામમાં અમિત શાહે ચીનનું નામ લીધા વગર કહ્યું કે સમગ્ર દેશ આજે પોતાના ઘરોમાં આરામથી ઊંઘી શકે છે કારણ કે આપણા ્ંના જવાન અને સેના સરહદો પર રાત દિવસ ચોંકી કરે છે. આપણા પર ખરાબ નજર નાખવાની કોઈનામાં હિંમત નથી. અત્રે જણાવવાનું કે અમિત શાહ હાલ અરુણાચલ પ્રદેશના પ્રવાસે છે. બે દિવસના પ્રવાસે પહોંચેલા અમિત શાહે અરુણાચલ પ્રદેશના કિબિથુ વિસ્તારમાં વાઈબ્રન્ટ વિલેજ પ્રોગ્રામની શરૂઆત કરી. તેનાથી સરહદી ગામડાઓમાં રહેતા લોકોના જીવનની ગુણવત્તામાં સુધાર આવશે. આ સાથે જ પલાયનને રોકવા અને સરહદોને મજબૂત કરવાના મુદ્દે પણ વાઈબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ ખુબ મહત્વનો માનવામાં આવી રહ્યો છે.



કિબિથુ ગામ ચીન સાથે જોડાયેલી સરહદ નજીક છે. અમિત શાહની વાઈબ્રન્ટ વિલેજ યોજના પર ૪૮૦૦ કરોડ રૂપિયા ખર્ચાશે. તેમનો આ પ્રવાસ ખુબ મહત્વનો ગણાઈ રહ્યો છે. કારણ કે હાલમાં જ ચીને અરુણાચલ પ્રદેશના ૧૧ સ્થળોના નામ બદલી નાખ્યા હતા. અમિત શાહના આ પ્રવાસથી ચીનને પણ ખુબ મરચા લાગ્યા છે. તેમની મુલાકાતને લઈને ચીનમાં હોબાળો મચી ગયો છે. શાહની અરુણાચલની મુલાકાત પર ચીને કહ્યું કે તે ગૃહમંત્રીની મુલાકાતનો સખત વિરોધ કરે છે.

## દિલ્હીના મેટ્રો વિહારમાંથી ૬-૭ હેન્ડ ગ્રેનેડ મળ્યા

**એક શખ્સને કસ્ટડીમાં લેવાયો :દેશી ગ્રેનેડને હોલમ્બી કલા વિસ્તારના એક ખેતરમાં છુપાવીને રખાયા, આ મામલે અનેક લોકોને કસ્ટડીમાં લેવામાં આવ્યા**



નવી દિલ્હી, તા.૧૦

રાજધાની દિલ્હીમાં મેટ્રો વિહાર વિસ્તારમાં હોલમ્બી કલામાં ૬-૭ હેન્ડ ગ્રેનેડ મળી આવ્યા છે. દિલ્હી પોલીસે આ મામલે એક વ્યક્તિને કસ્ટડીમાં લીધો છે. પોલીસ તે વ્યક્તિની પૂછપરછ કરી રહી છે. દિલ્હી પોલીસે જણાવ્યું કે, લગભગ ૭થી૮ દેશી ગ્રેનેડ મળી આવ્યા છે. તેને હોલમ્બી કલા વિસ્તારના એક ખેતરમાં છુપાવીને રાખવામાં આવ્યા હતા. આ મામલે અનેક લોકોને કસ્ટડીમાં લેવામાં આવ્યા છે. દેશની રાજધાની દિલ્હીમાં દેશી બનાવટનો હેન્ડ ગ્રેનેડ મળી આવતાં ખળભળાટ મચી ગયો હતો. આ દેશી હેન્ડ ગ્રેનેડ આઉટર નોર્થ દિલ્હી વિસ્તારમાંથી મળી આવ્યો છે. આ માહિતી તરત જ બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડને આપવામાં આવી હતી.

આ અગાઉ જાન્યુઆરી મહિનામાં પણ દિલ્હી પોલીસે પ્રજાસત્તાક દિવસ પહેલા એક ઘરમાંથી હેન્ડ ગ્રેનેડ મળી આવ્યા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલને ભલ્સવા ડેરી વિસ્તારમાં એક ઘરમાંથી બે હેન્ડ ગ્રેનેડ મળ્યા છે.

## એર ઈન્ડિયાની ફલાઈટમાં મુસાફરના હોબાળાથી તરત જ પાછું લેન્ડ કરવું પડ્યું

**ચાલુ વિમાનમાં ઉપદ્રવી શખ્સની ભારે માથાકૂટ : મુસાફરને એરપોર્ટ પર ઉતારી એર ઈન્ડિયાની ફ્લાઇટને ફરીવાર લંડનના હીથ્રો એરપોર્ટ પર રવાના કરાઇ હતી**

નવી દિલ્હી, તા.૧૦

એર ઈન્ડિયાની દિલ્હીથી લંડન જતી ફલાઈટમાં સોમવારે એક મુસાફરે હોબાળો કરી દીધો હતો. તેના પછી આ વિમાનને પાછું દિલ્હી એરપોર્ટ પર લેન્ડ કરવાની ફરજ પડી. જ્યાં તેને ઉતારી દેવાયો હતો. માહિતી અનુસાર એર ઈન્ડિયાની ફલાઈટ એઆઈ૧૧૧માં આશરે ૨૨૫ મુસાફરો સવાર હતા. તેમાં એક ઉપદ્રવી વ્યક્તિએ ભારે માથાકૂટ કરી હતી. તેના પછી તેને એરપોર્ટ પર ઉતારી ફલાઈટને ફરીવાર લંડનના હીથ્રો એરપોર્ટ પર રવાના કરાઈ હતી. એર ઈન્ડિયાએ આ મામલે એક નિવેદન જાહેર કર્યું છે. તેમાં જણાવ્યું કે દિલ્હથી લંડન જતી ફલાઈટ ઉડાન ભરવાના અમુક સમય બાદ જ પરત ફરી

● અનુસંધાન પાન-૭ પર

## આકાશમાં ૧૦૦ વર્ષ બાદ હાઈબ્રિડ સૂર્યગ્રહણ જોવા મળશે

**જ્યોતિષ શાસ્ત્રમાં ગ્રહણનું વિશેષ મહત્વ જણાવાયું છે : જ્યોતિષ ગણના અનુસાર એક જ દિવસમાં 3 સૂર્ય ગ્રહણ જોવા મળશે : આ સૂર્ય ગ્રહણને હાઈબ્રિડ સૂર્ય ગ્રહણ નામ અપાયું**

નવી દિલ્હી, તા.૧૦

સૂર્યગ્રહણ અને ચંદ્રગ્રહણ એક ખગોળીય ઘટના છે, પરંતુ જ્યોતિષ શાસ્ત્રમાં ગ્રહણનું વિશેષ મહત્વ જણાવાયુ છે. આ વખતે વર્ષનું પહેલુ સૂર્ય ગ્રહણ ૨૦ એપ્રિલ ૨૦૨૩એ થવાનું છે, જેની પ્રત્યેક વ્યક્તિ પર ગમે તે રીતે અસર જોવા મળશે. આ વખતે સૂર્ય ગ્રહણ દરમિયાન સૂર્ય મેષ રાશિમાં હશે. હિન્દુ પંચાંગ અનુસાર આ દિવસે વૈશાખ મહિનાની અમાસ તિથિ પણ છે. જ્યોતિષ ગણના અનુસાર એક જ દિવસમાં ૩ સૂર્ય ગ્રહણ જોવા મળશે. આ સૂર્ય ગ્રહણને વૈજ્ઞાનિકોએ હાઈબ્રિડ સૂર્ય ગ્રહણનું નામ આપ્યુ છે.

વર્ષનું પહેલુ સૂર્યગ્રહણ ૨૦ એપ્રિલ ૨૦૨૩ના દિવસે ગુરૂવારે થવાનુ છે. આ ગ્રહણ સવારે ૭:૦૪થી શરૂ થશે જે બપોરે ૧૨.૨૯ પર સમાપ્ત થશે. આ વખતે સૂર્યગ્રહણનો સમયગાળો ૫ કલાક ૨૪ મિનિટનો હશે. જ્યોતિષ શાસ્ત્ર અનુસાર સૂર્યગ્રહણ પહેલા સૂર્ય રાશિ પરિવર્તન કરશે. જોકે વર્ષનું પહેલુ સૂર્યગ્રહણ ભારતમાં જોવા મળશે નહીં. જેના કારણે ત્યાં આનો સૂતકકાળ માન્ય હશે નહીં.

આ વખતનું સૂર્યગ્રહણ ખૂબ ખાસ થવાનું છે કેમ કે આ ૩ રૂપોમાં જોવા મળશે. જેમાં આંશિક, પૂર્ણ અને કુંડલાકાર સૂર્યગ્રહણ સામેલ છે. આંશિક સૂર્યગ્રહણમાં ચંદ્ર સૂર્યના નાના ભાગમાં આવીને તેની રોશનીને પ્રભાવિત કરે છે. આને આંશિક સૂર્યગ્રહણ કહેવાય છે.

● અનુસંધાન પાન-૭ પર


**એક અમર નામ**



**ભાગ્યવતીબેન મગનલાલ બારોટ**

સ્થાપક તંત્રી "ધરતીના લાલ" । તા. ૧૧-૪-૨૦૨૧

બીજી વાર્ષિક પૂણ્યતિથિ નિમિત્તે તેમનાં દિવ્ય અને પવિત્રચરણોમાં સત્ સત્ વંદન સાથે પ્રણામ

દૈનિક "ધરતીના લાલ" મહિલા તંત્રી

કુમારી ચંદન મગનલાલ બારોટ

મો. ૯૪૦૮૨૧૮૧૯૩

શ્રી એમ. એસ. બી. ચેરિટેબલ ટ્રસ્ટ.

સંયોજક : કુમારી માયાબેન મગનલાલ બારોટ

મો. ૯૪૦૯૩૧૦૭૭૯

**॥ બેસણું ॥**

नैनं छिद्रन्ति शस्त्राणि नैनं दहति पावकः ।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुत ॥



**સ્વ. ચંચળબેન પ્રહલાદભાઈ પટેલ**

જયશ્રી કૃષ્ણ સહ જણાવવાનું કે અમારા માતૃશ્રી સ્વ. ચંચળબેન પ્રહલાદભાઈ પટેલ - ગામ : સરઢવ તા. ૭-૪-૨૦૨૩ને શુક્રવારના રોજ શ્રીજી ચરણ પામ્યા છે. ઈશ્વરને ગમ્યું તે ખરૂ. સદગતનું બેસણું તા. ૧૩-૪-૨૦૨૩ને ગુરૂવાર ના રોજ સવારે ૮-૩૦ થી ૧૧-૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ ::
અંબાજી માતાજીની વાડી, ઉગમણી ભાગોળ,
ગામ સરઢવ તા. જિ. ગાંધીનગર

॥ લિ ॥

અમૃતભાઈ પ્રહલાદભાઈ પટેલ
દશરથભાઈ પ્રહલાદભાઈ પટેલ
અનુપ, ચિરાગ, કુલદીપ, ટ્વીન્કલ
રમીલાબેન બાબુલાલ પટેલ (પુત્રી)
લીલાબેન જગદીશકુમાર પટેલ (પુત્રી)
રાધાબેન ભરતકુમાર પટેલ (પુત્રી)

પિયર પક્ષનું બેસણું ઉપરોક્ત સમયે અને સ્થળે રાખેલ છે.
સ્વ. માધાભાઈ રેવણીદાસ પટેલ
સ્વ. પુનમભાઈ રેવણીદાસ પટેલ
સ્વ. રણછોડભાઈ રેવણીદાસ પટેલ
(લાંઘણજવાળા)